# <u>ફોર્મ ૪૦૨ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :</u>

<u>(સરળ સ્ટેપ્સમાં)</u>

1. સૌ પ્રથમ ઇન્ટરનેટ ની મદદથી  ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.

2. ડાબી બાજુએ આવેલ યુઝર આઇડીમાં કોલમમાં તમારો ટીન નંબર તથા પાસવર્ડ કોલમમાં તમારો પાસવર્ડ આપવો તથા "ડીલર" નું ઓપ્શન સિલેકટ કરી લોગ-ઇન થવું.

3. આપની સમક્ષ આપના ડીલર એકાઉન્ટનું હોમપેજ ઓપન થશે. જેમાં ડાબી બાજુએ આપેલ ઇ-સર્વીસીઝના મેનુ ની પાંચમી લિંક ( **<u>ચેકપોસ્ટ સબમીશન</u>**) પર કિલક કરતા ચેકપોસ્ટ ફોર્મ ની વિગતો દર્શાવતું પેજ ઓપન થશે.

4. આ પેજમાં નીચેની ફ્રેમમાં ફોર્મ નંબર <u>૪૦૨/૪૦૩ સ્પેસીફાઇડ ગુડ્ઝ</u> માટે તથા ફોર્મ નંબર <u>૪૦૨/૪૦૩ નોનસ્પેસીફાઇડ ગુડ્ઝ</u> માટે એમ બે લિંકસ આપેલ છે. (બન્ને પ્રકારમાં કયા ગુડ્ઝ આવે તે જોવા માટે બાજુમાં દર્શાવેલ લિસ્ટની લિંક પર ક્લિક કરવાથી એક્સેલ શીટમાં આ ગુડઝ્ની વિગતો આપેલ જોવા મળશે.)

5. આપને માટે જરુરી હોય તે લિંક પર (સ્પેસીફાઇડ કે નોનસ્પેસીફાઇડ ગુડ્ઝ) પર ક્લિક કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ અને અપલોડ કરવા માટેની લિંક મળશે. (જો સ્પેસીફાઇડ ગુડ્ઝ માટેની લિંક પર ક્લિક કરેલ હશે તો બન્ને ટેમ્પલેટ (એટલે કે ૪૦૨ અને ૪૦૩) સ્પેસીફાઇડ ગુડ્ઝ માટેજ મળશે, આ જ બાબત નોનસ્પેસીફાઇડ ગુડ્ઝ માટે પણ લાગુ પડશે.

6. આપને જરુરી એવું ફોર્મ (માત્ર ૪૦૨) માટે, આપેલ બીજી લિંક પર ક્લિક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રીન પર આવશે. જેને "સેવ" ના બટન પર ક્લિક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ ક્યાં સેવ કરવું છે તે પૂછતો "ડાયલોગ બોક્સ" આવશે જેની પર યોગ્ય જગાએ ફાઇલ સેવ કરવી.

   **(ઉપર દર્શાવેલ ત્રણ લિંકસ પૈકી પ્રથમ લિંક  સેમ્પલના ફોર્મની છે, જે માત્ર ડાઉનલોડેડ ટેમ્પલેટ કેવાં હોય તે જોવા માટે આપેલ છે, જેની પરથી ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ પ્રોસેસ કરવા માટે ઉપયોગી નથી જેની ખાસ કાળજી રાખવી.)**

7. હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ (ત્રણ એક્સેલ શીટ) ને ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ સામાન્ય માહિતી માટે, બીજી કોમોડીટી ડીટેઇલ માટે તથા ત્રીજી શીટ ટ્રાંસપોર્ટરની ડીટેઇલ માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી. (ટુલ ટીપનો ઉપયોગ કરવા વિનંતી છે.)

8. આ માહિતી ભરી ફરી પાછા આપના લોગ-ઇન માં ટેમ્પલેટ ડાઉનલોડ માટેના ઓપન થયેલ પેજ પર આવી જવું. ત્યાંથી અપલોડની કાર્યવાહી શરુ કરવી. આ માટે પહેલાં ડોક્યુમેન્ટ ટાઇપ (હાલ ફોર્મ-૪૦૨) સિલેક્ટ કરવું. નીચે આપનો મેઇલ આઇડી આપવો. (જે ફરજીયાત છે જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે) તથા છેલ્લાં કોલમમાં "બ્રાઉઝ" બટનથી, ભરેલ ટેમ્પલેટ એટેચ કરવું અને અપલોડ બટન પ્રેસ કરતાં અપલોડીંગની કામગીરી શરુ થશે.

9. અપલોડ ની પ્રોસેસ દરમ્યાન આવતી સુચનાઓ ધ્યાનપુર્વક જોવી તથા તે મુજબ કરવું. અપલોડ થયેલ ટેમ્પલેટ માં જો એરર (ભૂલ) હશે તો, કઇ શીટનાં કયા કોલમમાં એરર છે તે દર્શાવવામાં આવશે જેથી "બેક" જઇને થયેલ ભૂલ સુધારીને ટેમ્પલેટ ફરી અપલોડ કરવું. (સ્ટેપ ૮ મુજબ)

10. અપલોડ થયેલ ફાઇલમાં એરર ન આવે ત્યારે ડાટા વેલીડેટ થઇને **"No Error Found"** એવો મેસેજ મળતાં,નીચે **"સબમીટ"** નું બટન હશે જેને કમાન્ડ આપતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા પીડીએફ લિંક આપના ઓપન પેજ પર મળશે.

11. રીસીપ્ટ (બારકોડેડ) ની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે તથા તેની નીચે આવેલ પીડીએફ લિન્ક પર ક્લિક કરતાં ફોર્મ ૪૦૨ (બારકોડેડ) ઓપન થશે જેની 3 નકલ ની પ્રિંટઆઉટ મેળવી લેવાની રહેશે તથા જરુરી નકલ પોતાની પાસે રાખી બાકીની નકલ વાહન ચાલક સાથે રવાના કરવામાં આવી શકશે. આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

12. નોંધ : આ માટે...........

## ***આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરુરીયાતો હોવી ફરજીયાત છે.***

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી વિસ્તા)///એમ.એસ.ઓફીસ (એક્સપી અને તેની ઉપરના વર્ઝનસ) /// અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એક્સપ્લોરર (૫.૦ થી ઉપરનું વર્ઝન) ///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ, બ્રોડબેન્ડ વિગેરે)///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર

## ***અન્ય ધ્યાને રાખવાની બાબતો :***

૧. ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.

૨. જનરેટ થયેલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શક્ય નથી.

3. એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો સમાવેશ થઇ શકશે.

૪. એક ટ્રકમાં માલ મોક્લનાર અલગ અલગ વેપારી માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવાનું રહેશે.

૫. એક ટ્રકમાં માલ મોકલનાર વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે પણ અલગ ફોર્મ જનરેટ કરવું પડશે.

૬. જનરેટ થયેલ ફોર્મ વિષે આપને આપના ઇ-મેઇલ એડ્રેસ પર ઇ-મેઇલ મોકલવામાં આવશે.

૭. **જો કોઇ કારણસર જનરેટ થયેલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, આપના લોગ-ઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ "ડુપ્લીકેટ રીસીપ્ટ" ની લિંક છે, જયાં ક્લિક કરવાથી MARAG / CHECK POST SUBMISSION એમ બે લિંક મળશે જેમાંથી ચેકપોસ્ટ સબમીશન પર કિલક કરવાથી આપના દ્વારા અગાઉ મેળવાયેલ તમામ ફોર્મ્સ ની લિંકસ મળશે જેની પર ક્લિક કરવાથી જનરેટ થયેલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૨ ની પીડીએફ લિંક મળી શકશે જેની પર ફરીથી ક્લિક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.**

## ફોર્મ ૪૦૩ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :

## (સરળ સ્ટેપ્સમાં)

## ગુજરાતમાં નોંધાએલ વેપારી માટે :

1. સૌ પ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
2. વેબસાઇટનાં હોમપેજ પર ડાબી બાજુએ આવેલ યુઝર આઇડીનાં કોલમમાં તમારો ટીન નંબર તથા પાસવર્ડનાં કોલમમાં તમારો પાસવર્ડ આપવો તથા "ડીલર" નું ઓપ્શન સિલેકટ કરી લોગ-ઇન થવું.
3. આ પેજ પર "**૪૦૩ સીરીઝ જનરેશન**" ની લિંક પર ક્લિક કરતાં બોક્સમાં કેટલાં ફોર્મ્સ જોઇએ તેની સંખ્યા જણાવવાનો મેસેજ દર્શાવેલ હશે, જયાં, માત્ર નંબર્સ દર્શાવવા (દા.ત. ૬૩). આ થકી એકસાથે વધુમાં વધુ ૫૦૦ ફોર્મ્સની સિરીઝ મેળવી શકાશે. આ નંબર દર્શાવીને આપની ફોર્મ રીકવેસ્ટ સબમીટ કરવી.
4. આ સિરીઝ જનરેટ થતાં જ સ્ક્રીન પર આપને બારકોડેડ એકનોલેજમેન્ટ રીસિપ્ટ અને ફોર્મ નંબરની લિંક મળશે. ફોર્મ સીરીઝ પર ક્લિક કરતાં એકસેલ ફોર્મેટમાં માગેલ સંખ્યા મુજબની આ નંબરો ની સિરીઝ આપના કોમ્પ્યુટરની હાર્ડ ડ્રાઇવમાં સેવ કરી લેવાશે.(આ માટે આપના ઇન્ટરનેટ એકસપ્લોરરમાં આપેલ 'ટુલ' ઓપ્શનમાં જઇને 'પોપ અપ બ્લોકર ઓફ કરવાનું રહેશે')
5. **હવે ફોર્મ નંબર ૪૦૩ મેળવવા માટે બે વિકલ્પો છે.**

(૧) ગુજરાતનો નોંધાએલ વેપારી પોતે જનરેટ કરેલ ફોર્મની સિરીઝ વડે ફોર્મ ૪૦૩ મેળવી શકશે.

(૨) ગુજરાતનાં વેપારીએ, પોતાની જરુરિયાત મુજબ આ સિરીઝના નંબરો પરપ્રાંતના વેપારી/એજન્ટ/ટ્રાંસપોર્ટર્સ/બ્રોકર વિગેરેને માલ મોકલવા માટે ટેલીફોનિક/ઇ-મેલ કે અન્ય રીતે મોકલવાના રહેશે.

## ગુજરાતનાં નોંધાએલ વેપારીએ અથવા પરપ્રાંતના વેપારી-ટ્રાંસપોર્ટ ઓપરેટર-કમિશન એજન્ટ કે અન્ય વ્યકિત ફોર્મ ૪૦૩ મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

- સૌપ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
- હોમપેજ પર લેફ્ટ સાઇડ પર જનરલ મેનું માં **"ચેકપોસ્ટ સબમીશન 403"** ની લિંક પર ક્લિક કરવાથી ટીન નંબર એન્ટર કરવા માટેની સુચના આવશે. અહીં, ગુજરાતના નોંધાએલ વેપારીએ પોતાનો ટીન નંબર લખવો તથા અન્ય માટે ગુજરાતના જે વેપારી માટે ફોર્મ ૪૦૩ લેવાના છે તેનો નંબર લખવો. (આ સાથે પાસવર્ડ ની જરૂરિયાત નથી).
- ટીન નંબર લખી સબમીટ કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ માટેનું ડાયલોગ બોકસ ઓપન થશે.
- આ પેજમાં પ્રથમ ફ્રેમમાં ફોર્મ નંબર ૪૦૩ સ્પેસીફાઇડ ગુડ્ઝ માટે તથા ફોર્મ નંબર ૪૦૩ નોનસ્પેસીફાઇડ ગુડ્ઝ માટે એમ બે લિંકસ આપેલ છે.
- આપને જરુરી એવું ફોર્મ ની લિંક પર ક્લિક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રીન પર આવશે. જેને "સેવ" ના બટન પર ક્લિક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ ક્યાં સેવ કરવું છે તે પુછતો "ડાયલોગ બોક્સ" આવશે જેની પર યોગ્ય જગાએ ફાઇલ સેવ કરવી.
- ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ માં સૌપ્રથમ કોલમમાં સિરીઝ નંબર માગશે, આપે અગાઉ જે સિરીઝ ડાઉનલોડ કરેલ તે એકસેલ ફાઇલમાંથી સિલેક્ટ કરીને તે કોલમમાં પેસ્ટ કરવાનો રહેશે. હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ (ત્રણ એક્સેલ શીટ) ને ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ સામાન્ય માહિતી માટે, બીજી કોમોડીટી ડીટેઇલ માટે તથા ત્રીજી

શીટ ટ્રાંસપોર્ટરની ડીટેઇલ માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી (ટુલ ટીપનો ઉપયોગ કરવા વિનંતી છે) તથા લાલ ફુદડી (*) દર્શાવેલ કોલમ ભરવા ફરજીયાત છે.

- આ ટેમ્પલેટ ભરી ફરી પાછા આપના લોગ-ઇન માં ટેમ્પલેટ ડાઉનલોડ માટેના ઓપન થયેલ પેજ પર આવી જવું. ત્યાંથી અપલોડની કાર્યવાહી શરૂ કરવી. આ માટે પહેલાં "ગુડ્ઝ ટાઇપ" (નોન સ્પેસીફાઇડ ગુડ્ઝ અથવા સ્પેસીફાઇડ ગુડ્ઝ) સિલેક્ટ કરવું. નીચે આપનો મેઇલ આઇડી આપવો. (જે ફરજીયાત છે જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે) તથા છેલ્લાં કોલમમાં "બ્રાઉઝ" બટનથી, ભરેલ ટેમ્પલેટ એટેચ કરવું અને અપલોડ બટન પ્રેસ કરતાં અપલોડીંગની કામગીરી શરૂ થશે.

- અપલોડ ની પ્રોસેસ દરમ્યાન આવતી સુચનાઓ ધ્યાનપુર્વક જોવી તથા તે મુજબ કરવું. અપલોડ થયેલ ટેમ્પલેટ માં જો એરર (ભૂલ) હશે તો, કઇ શીટનાં કયા કોલમમાં એરર છે તે દર્શાવવામાં આવશે જેથી "બેક" જઇને થયેલ ભૂલ સુધારીને ટેમ્પલેટ ફરી અપલોડ કરવું.

- અપલોડ થયેલ ફાઇલમાં એરર ન આવે ત્યારે ડાટા વેલીડેટ થઇને **"No Error Found"** એવો મેસેજ મળતાં,નીચે **"સબમીટ"** નું બટન હશે જેને કમાન્ડ આપતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા ફોર્મની પીડીએફ લિંક આપના હોમ પેજ પર મળશે.

- બારકોડેડ રીસીપ્ટ ની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે તથા તેની નીચે આવેલ પીડીએફ લિન્ક પર ક્લિક કરતાં ફોર્મ ૪૦૩ (બારકોડેડ) ઓપન થશે જેની ૩ નકલ ની પ્રિન્ટઆઉટ મેળવી લેવાની રહેશે તથા જરુરી નકલ પોતાની પાસે રાખી બાકીની નકલ વાહન ચાલક સાથે રવાના કરવામાં આવી શકશે. આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

## નોંધ : આ માટે...........

***આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરૂરીયાતો હોવી ફરજીયાત છે.***

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી વિસ્તા)///એમ.એસ.ઓફીસ (એક્સપી અને તેની ઉપરના વર્ઝનસ) /// અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એક્સપ્લોરર (૫.૦ થી ઉપરનું વર્ઝન) ///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ, બ્રોડબેન્ડ વિગેરે)///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર.

***<u>અન્ય ધ્યાને રાખવાની બાબતો :</u>***

૧. ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી જ વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.

૨. જનરેટ થયેલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શક્ય નથી જો તેની કોપી કરીને ઉપયોગમાં લેવામાં આવશે તો ચેકપોસ્ટ પર પકાડાઇ જશે.

૩. એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો સમાવેશ થઇ શકશે.

૪. એક ટ્રકમાં માલ મોકલનાર અલગ અલગ વેપારી માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવાનું રહેશે.

૫. એક ટ્રકમાં માલ મોકલનાર વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે પણ અલગ ફોર્મ જનરેટ કરવું પડશે.

૬. જનરેટ થયેલ ફોર્મ વિષે આપને આપના ઇ-મેઇલ એડ્રેસ પર ઇ-મેઇલ મોકલવામાં આવશે.

૭. જો કોઇ કારણસર જનરેટ થયેલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, આપના લોગ-ઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ “ડુપ્લીકેટ રીસીપ્ટ” ની લિંક છે, જયાં ક્લિક કરવાથી MARAG / CHECK POST SUBMISSION અને FORM 403 SEREIES GENERATED એમ ત્રણ લિંકસ મળશે જેમાંથી ચેકપોસ્ટ સબમીશન પર કિલક કરવાથી આપના દ્વારા અગાઉ મેળવાએલ તમામ ફોર્મ્સ ની લિંક મળશે જેની પર ક્લિક કરવાથી જનરેટ થયેલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૩ ની પીડીએફ લિંક મળી શકશે જેની પર ફરીથી ક્લિક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.